## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ગુનો તો તેં કર્યો જ છે....
પણ સાહેબે વિપશ્યના શિબિર કરી છે એટલે તને ધમકાવશે નહીં.... માફી માંગ અને જતો રહે !

# શહેરમાં ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૩

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ- ૨૦૨૦નો પ્રારંભ કરાવતા સ્પષ્ટ મત વ્યક્ત કર્યો કે વિશ્વના પડકારોને ઝિલી શકે તેવી જ્ઞાન-વિજ્ઞાન-ટેક્નોલોજીથી સજ્જ સમાજશક્તિના નિર્માણનું કાર્ય આવી સમિટના માધ્યમથી જ થઈ શકે.આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે સમાજના છેવાડાના વ્યક્તિના ઉત્થાન, ઉન્નતિ અને વિકાસની ચિંતા આખો સમાજ સાથે મળીને કરે ત્યારે જ 'સબ સમાજ કો લિયે સાથ મેં, આગે હૈ બઢતે જાના'નો ભાવ ચરિતાર્થ થાય છે.





નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૦ને શુભેચ્છા આપતાં કહ્યું કે, પાટીદાર સમાજ એ નોકરી મેળવવાની સાથેસાથે નોકરી આપનાર બને એ માટેના સંનિષ્ઠ પ્રયાસો કરી રહ્યો છે. એ જ આ સમિટનું મુખ્ય ધ્યેય છે.

સરકારની હકારાત્મક ઉદ્યોગલક્ષી નીતિના પરિણામે 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેન્કિંગ'માં ભારત વિશ્વમાં ૧૪૨માં ક્રમેથી ૭૪માં ક્રમે પહોંચ્યું છે. આજની આ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૦ માત્ર પાટીદાર સમાજના યુવા ઉદ્યોગપતિઓ માટે જ નહીં પણ સમગ્ર દેશના વિકાસમાં મહત્વની સાબિત થશે તેમ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટને સંબોધતા કેન્દ્રીય શિપિંગ રાજ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ જણાવ્યું હતું.

સરદારધામના પ્રમુખ ગગજીભાઈ સુતરિયાએ સૌને આવકારતા કહ્યું હતું કે, આજની આ સમિટ એકતાથી સમૃદ્ધિ તરફની સમિટ છે સમાજથી રાષ્ટ્ર નિર્માણ માટેની સમિટ છે. આ સમિટ પાટીદાર સમાજના સર્વાંગી વિકાસ માટેના મિશન-૨૦૨૬ને સાકાર કરવામાં ખૂબ જ અગત્યની સાબિત થશે.

ત્રિ-દિવસીય ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટમાં બિઝનેસ ક્ષેત્રે યુવાઓને પ્રેરણાદાયી માર્ગદર્શન મળી રહે તે માટે વિવિધ વકતવ્યોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ દિવસે બિઝનેસ કોચ શ્રી વિવેક બિન્દ્રા, મેઘમણી ગ્રુપના શ્રી જયંતિભાઈ પટેલ, શ્રીરામકૃષ્ણ એક્ષપોર્ટના શ્રી ગોવિંદભાઈ ધોળકીયા, પ્રખર વકતા અને યુવા કવિ શ્રી કુમાર વિશ્વાસ, શ્રી જય વસાવડા અને શ્રીમતી કાજલ ઓઝા વૈધ ઉપસ્થિત રહીને યુવાઓને માર્ગદર્શન પુરું પાડશે. જયારે બીજા દિવસે બિઝનેસમાં ડિસીપ્લિન, અસરકારક બ્રાન્ડ બિલ્ડીંગ, એગ્રીકલ્ચરમાં ઈનોવેશન જેવા વિષયો પર સેમિનારનું પણ આયોજન કરાયું છે.

# સરદાર ધામ ખાતે ૫૦ ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ

ગાંધીનગર, તા. ૩

અમદાવાદના વૈષ્ણોદેવી સર્કલ નજીકના સરદારધામ ખાતે આજે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ અને દાતાઓની ઉપસ્થિતમાં રાષ્ટ્રીય એકતા અને અખંડિતાના પ્રતિક સમાન સરદાર સાહેબની ૫૦ ફૂટ ઉંચી પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આજે સરદારધામ ખાતે વિરાટ વ્યક્તિત્વની વિરાટ પ્રતિમાનું અનાવરણ કરતાં હું ધન્યતા અનુભવું છું. સમગ્ર વિશ્વમાં સરદાર સાહેબનું વિશિષ્ટ વ્યક્તિત્વ, અખંડ ભારતના શિલ્પિ તરીકે રાષ્ટ્રનું ગૌરવ છે.

વૈષ્ણોદેવી સર્કલ સરદાર પટેલ રીંગ રોડ ઉપરથી પસાર થતાં તમામ લોકો વાહનો સરદાર સાહેબને વંદન કરીને તેમનામાંથી રાષ્ટ્ર એક્તા અને અખંડિતતાની પ્રેરણા મેળવી લોખંડી બનવાના આર્શીવાદ મેળવશે એમ તેમણે કહ્યું હતું. સાડા ત્રણ કરોડના ખર્ચે ૫૦ ફૂટ ઉંચી અને ૧૭ હજાર કિલોગ્રામ વજનની પ્રતિમાના મુખ્ય દાતા શ્રી રણછોડભાઇ જોઈતારામ પટેલ (રણજીત બિલ્ડફોન વિભાગ) પરિવારે પોતાના ફંડમાંથી સરદાર સાહેબની પ્રતિમા માટે ૨.૫૦ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે, તેમને મુખ્યમંત્રીશ્રીએ ધન્યવાદ પાઠવ્યા હતા.આ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી પછી સરદાર સાહેબની ગુજરાતની બીજા નંબરની મોટી પ્રતિમા છે. શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, આ દિવસ સોનેરી દિવસ છે. આપણે સૌ સરદાર સાહેબના સ્વપ્નો સાકાર કરીએ એ જ તેમને સાચી શ્રદ્ધાંજલિ છે, એમ પણ તેમણે ઉમેર્યું હતું.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, સરદાર સાહેબ સમગ્ર રાષ્ટ્ર અને સમાજનું ગૌરવ છે. આજે ઐતિહાસિક દિવસ છે. ભવ્ય પ્રતિમાનું દર્શન થાય તેવું કામ થયું છે, જે દેશ અને દુનિયામાં પટેલ સમાજને અગ્રસ્થાને લઈ જશે.




કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે, સરદાર પટેલ રીંગ રોડ પર સરદાર સાહેબની પ્રતિમાનું અનાવરણ થવાથી સુરેન્દ્રકાકાનું સ્વપ્ન સાકાર થયું છે. રાષ્ટ્રવાદ અને નિર્ણયોના અડગ વ્યક્તિત્વ જેમણે ૫૬૨ રજવાડા એકત્ર કરી જેઓ ઈતિહાસમાં વિશ્વમાં પ્રસિદ્ધ થયા હતા તેમના આપણે વારસદારો છીએ. આ પ્રસંગે મહેસુલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ, પૂર્વ મંત્રી શ્રી રજનીભાઈ પટેલ, મહેસાણાના સાંસદ શ્રીમતી શારદાબેન પટેલ, ગુજરાત રાજય મહિલા આયોગના ચેરપર્સન શ્રીમતી લીલાબેન આંકોલિયા, ખોડલધામના શ્રી પરેશભાઈ ગજેરા, પદ્મશ્રી મથુરભાઈ સવાણી, અમદાવાદના મેયર શ્રીમતી બીજલ પટેલ, ધારાસભ્ય શ્રી બાબુભાઈ જમાનાદાસ પટેલ સહિત સમાજના આગેવાનો અને સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ દ્વારા કલ્યાણધામે યોજાઈ આનંદ ચિંતન શિબિર



ચિલોડા, તા. ૩

ગાંધીનગર શહેર સ્થિત ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજના સિનિયર સિટીઝનોની દહેગામ-રખિયાલ સ્થિત કલ્યાણધામે તા. ૨૯મી ડિસેમ્બર રવિવારના રોજ સવારે ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી વડીલોની આનંદ-ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આનંદ શિબિરમાં ૧૫૦ જેટલા વડીલોએ ઉપસ્થિત રહી દિવસભર વૈવિધ્યસભર ચિંતન અને સ્વરૂચિ ભોજન, પરિસંવાદ કાર્યક્રમોનો આનંદ માણ્યો હતો. આનંદ શિબિરમાં કલ્યાણધામે ઋષિતુલ્ય આનંદ શિબિરમાં રમણભાઈ પટેલ (એનઆરઆઈ) લવારપુર, અગ્રણી સાંકાભાઈ પટેલ, નટુભાઈ પટેલ, અશોકભાઈ પટેલ વકીલ, ગોવિંદભાઈ પ્રજાપતિ વગેરેએ વક્તવ્યો રજૂ કર્યા હતા. આનંદ શિબિર દરમ્યાન રખિયાલ સ્થિત લોકનાદ પ્રકૃતિ માતા આરોગ્ય વર્ધક વસ્તુઓને સ્ટોરની મુલાકાત લીધી હતી. આ સર્વ સંતુ નિરામયા આહાર એજ ઔષધ અંગેના નિયમોની જાણકારી પ્રાપ્ત કરી હતી. નેચરલ કેમિકલ વગરનું શુદ્ધ સાત્વિક આરોગ્યપ્રદ વસ્તુઓ દેશી ગોળ, ખજૂર, કચરીયું, લીમડા સાબુ, લીંબોળી તેલ, આંબળાનો રસ, અળશી મુખવાસ જેવી વસ્તુઓની આર્યુવેદ નેચરોપથી સારવાર ગૌમુત્ર ટેબલેટ માનભેર ખરીદી કરી આનંદ વિભોર બન્યા હતા.

# રણાસણ પાસેથી દારૂની બોટલ સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૩

ડભોડા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન એસપી રીંગરોડ પાસે આવેલા રણાસણ ફાટક પાસેથી એક યુવક થેલો લઈને પસાર થઈ રહ્યો હતો . પોલીસે શંકાના પગલે તેની રોકીને ચેક કરતા તેની પાસેથી વિદેશી દારુની બોટલ મળી આવી હતી.જેને પગલે પોલીસે રણાસણના ઈન્દીરાનગરમાં રહેતા સુરેશજી રમેશજી ઠાકોર (ઉં.વ.૨૨)ને પકડી તેની પાસેથી રૂ. ૪૦૦ ની કિંમતની દારુની બોટલ જપ્ત કરી તેની સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જુના સચિવાલય મીનાબજારમાં આવેલ ગલ્લાઓમાંથી ચોરી કરનાર કિશોરો ઝડપાયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જુના સચિવાલય મીનાબજારમાં આવેલા ૬ ગલ્લાઓમાંથી શર્ટ, ટીશર્ટ, શુઝની ચોરી કરનાર ટોળકીને ગણતરીના કલાકોમાં એલસીબી પોલીસે દબોચી લીધી છે. એક આરોપી તેમજ બે કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરો ચોરી કરેલો સામાન વેચાણ કરવા માટે જઈ રહ્યા હતા તે સમયે એલસીબી પોલીસની ટીમે પકડી પાડી કુલ રૂ. ૫૦,૦૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી ચોરીના ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એસ.રાઓલ પોતાની ટીમ સાથે સેકટર-૭ પોલીસ મથકના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે હે.કો.ભવાનસિંહને ખાનગી રાહે આ ટોળકી અંગે બાતમી મળી હતી. જેને અનુલક્ષી એલસીબી પોલીસે સે-૬ અપના બજાર પાછળ મેદાન ખાતે ભરાતા કડીયાનાકા ખાતે એકટીવા પર




કપડા, બુટ, ટી-શર્ટનું વેચાણ કરતા શખ્સોને પકડી પાડ્યા હતા. કાયદાના સંઘર્ષમાં આવેલા બે કિશોર અને રાકેશ ઉર્ફે કાલુ કિશનભાઈ ભીલ (ઉં.વ.૨૧, રહે.જીઈબી છાપરા) પાસેથી મુદ્દામાલ અંગે આધારા પુરાવા માંગતા તેમની પાસેનહી હોવાનું જણાવ્યું હતું. તેઓએ મીના બજાર સ્થિત ગલ્લાઓમાંથી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. જેને પગલે એલસીબીએ રૂ.૯૨૫૦ની કિંમતના પેન્ટ-શર્ટ અને ટીશર્ટ, શુઝ, ૨ મોબાઈલ, જી.જે.૧૮.ડી.બી.-૧૨૯૭ એકટીવા મળી કુલ રૂ. ૫૦,૦૫૦ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસની પુછપરછમાં આરોપી તેમજ કિશોરોએ છેલ્લા અઢીમાસ દરમિયાન જીઈબી પાસે આવેલા પાર્લર, લોખંડના બ્રિજની એંગલોની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. પોતાના મોજશોખ પુરા કરવા માટે ચોરી કરતા હોવાનું અને ત્રણેય જણા સરખા ભાગે રૂપીયા લઈ લેતા હતા.

# એસટી બસને પીયુસી ના હોય ?



જ્યાંથી આદેશો છૂટે છે, જ્યાં કાયદા બને છે, જ્યાંથી પ્રજાને તેમની ફરજો સતત યાદ અપાવાય છે તે સરકારી તંત્ર જ કાયદાઓનો છડેચોક ભંગ કરે છે. હઈસો... હઈસો.. કરીને ટ્રાફિકના કડક કાયદા બનાવાયા... થોડોક સમય મસમોટો દંડ વસુલવામાં આવ્યો પછી જૈ સે થે ની સ્થિતિ... જો કે આપણે એ વાત સારી રીતે સમજી ગયા છીએ કે કાયદાઓનો અમલ માત્ર સામાન્ય નાગરિકો માટે જ હોય છે. કાયદાઓનો છડેચોક ભંગ કરતા સરકારીતંત્ર પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવે છે અથવા તો તેમને છાવરવામાં આવે છે તે આ તસવીર જોઈને સ્પષ્ટ થાય છે. સરકારી વાહનો કાળા ડીબાંગ જેવા ધુમાડા કાઢે છે પરંતુ તેમની પાસે પીયુસી પરમીશન છે કે નહી તેનુ કોઈ ચેકીંગ કરતુ હશે કે કેમ..?

# શહેરમાં સૌ પ્રથમવાર બગલામુખી (પિતામ્બરા યાગ) યોજાશે

## સે-૩ ડી સ્થિત હરસિધ્ધ માતાજીના પાંચમા પાટોત્સવ નિમિતે આયોજન

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૩ ડી પ્લોટ નં. ૧૦૩૧-૨ ખાતે હરસિધ્ધ માતાજી ના પાંચમા પાટોત્સવ નિમિતે ભવ્ય બગલામુખી (પિતામ્બરા યાગ)નું આયોજન તા.૫ જાન્યુઆરીને રવિવારના રોજ કરવામાં આવ્યું છે. ૫૧ થી વધુ બ્રાહ્મણો દ્વારા મુખમંત્રાથી માતાજીના સવાલાખ મંત્રોનો પાંચ કુંડમાં હોમ થશે. તે ઉપરાંત ૫૦ કિલોથી વધુ માતાજીને પ્રિય વિવિધ ચીજવસ્તુઓ દ્વારા હોમ થશે. મહાયજ્ઞ બાદ ૧૦૦૮ દિવાની નૃત્ય આરતી તેમજ ૧૦૮ દિવાની મહાઆરતી યોજાશે. સૌ ધર્મપ્રેમી નાગરીકોને યજ્ઞ દર્શનાર્થે ઉપસ્થિત રહેવા આયોજનકર્તા વિશ્વાસભાઈ જાની તેમજ ટ્રસ્ટી મંડળ દ્વારા અનુરોધ કરાયો છે.

શહેરના સેકટર-૩ ડી ખાતે હરસિધ્ધ માતાજીના પાંચમા પાટોત્સવ નિમિતે તા.૫ ને રવિવારના રોજ પિતામ્બરા યાગનું આયોજન કરાયું છે. જેમાં સવારે ૮.૩૦ કલાકે યજ્ઞ પ્રારંભ, ૯.૩૦ કલાકે ગણેશ સ્થાપન, ૧૦.૩૦ કલાકે ભૈરવ મહારુદ્ર અને નવગ્રહ સ્થાપન, સવારે ૧૧ થી ૧૨.૩૯ કલાકે અગ્ની સ્થાપન બગલામુખી પિતામ્બરા પીઠ પર માતાજીનું સ્થાપન, બપોરે ૨ થી ૪.૩૦ કલાક દરમિયાન સવા લાખ મંત્રોનો ૫૧ બ્રાહ્મણો દ્વારા હોમ, સાંજે ૫ કલાકે યજ્ઞ પૂર્ણા હુતી, જયારે સાંજે ૬ કલાકે ૧૦૮ દિવાની તેમજ ૧૦૦૮ દિવાની મહાઆરતી યોજાશે.આ યજ્ઞની વિશેષતા પર નજર કરીએ તો બગલામુખીનો તંત્ર માર્ગની અધિષ્ઠાત્રી દેવી પણ કહેવામાં આવે છે. બગલામુખી (પિતામ્બરા યાગ) દેવી સ્થાન દસ મહાવિદ્યામાં પણ છે. બગલામુખી રાજસત્તાની દેવી પણ કહેવામાં આવે છે. માતાજીની ઉપાસનાથી કોર્ટ કચેરી વિજય તેમજ રાજય પ્રાપ્તી અથવા કોઈ મોટાપદની પ્રાપ્તિ માટે થાય છે. દિક્ષા વિના માતાજીનો હોમ થાય નહી તે માટે દિક્ષિત બ્રાહ્મણો દ્વારા આ યજ્ઞ કરવામાં આવશે. આ યજ્ઞનું આયોજન વિશ્વાસભાઈ જાની દ્વારા કરવામાં આવ્યું છે.




# ગુજરાત અર્બન સ્કિલ ડેવલપમેન્ટ મિશનના ભળતા નામે પ્રસિદ્ધ થયેલી ભરતીની જાહેરાત બનાવટી

## રાજ્યના નોકરીવાંચ્છુ ઉમેદવારો બનાવટી ભરતી જાહેરાતનાં પ્રલોભનમાં આવીને છેતરાય નહી તે માટે વિભાગનો ખુલાસો

ગાંધીનગર, તા. ૩

ગુજરાત અર્બન સ્કિલ ડેવલપમેન્ટ મિશનના ભળતા નામે સરકારી નોકરીની ભરતી સંદર્ભે બનાવટી જાહેરાત પ્રસિદ્ધ કરી રાજયના નોકરી વાંચ્છુ ઉમેદવારોને છેતરવાં માટેના પ્રયત્નો થઈ રહ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન (GUDM) તથા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લી. (GUDCL) દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને આ સંદર્ભે ઉમેદવારો જોગ જરૂરી સ્પષ્ટતા કરી છે કે તેમના તરફથી આવી કોઇ ભરતી અંગેની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી નથી. તે ઉપરાંત આ પ્રકારે ભળતા નામથી બનાવટી જાહેરાત પ્રસિદ્ધ કરાવી ઉમેદવારોને છેતરવાનો પ્રયત્ન કરનાર સામે પોલીસ ફરિયાદ દાખલ કરવા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

GUDMનાં અધિક મુખ્ય કારોબારી અધિકારી અને GUDCLના વહીવટી સંચાલકે એક યાદીમાં જણાવ્યું છે કે, તા.૨જી જાન્યુઆરી ૨૦૨૦ના રોજ એક અખબારમાં ગુજરાત અર્બન સ્કિલ ડેવલપમેન્ટ (GUSDM) ગાંધીનગરના નામે સરકારી ભરતીની જાહેરાત પ્રસિદ્ધ થઈ હતી જેમાં જગ્યાદીઠ રૂા.૩૦૦/- ફી પેટે ઉમેદવારો પાસેથી મંગાવ્યા છે. આ માટે બનાવટી વેબસાઇટ પણ બનાવવામાં આવી છે.

આ વેબસાઇટની ચકાસણી કરતાં તેમાં GUDCનું તા.૧લી મે ૨૦૧૯ની સ્થિતિએ અદ્યતન કરાયેલા આર.ટી.આઇ. મેન્યુઅલ અપલોડ કરેલા છે અને કોન્ટેકટ ડીટેઈલ્સમાં GUDM કચેરીનું નામ દર્શાવેલુ છે જેનાથી ઉમેદવારોને આ વેબસાઈટ GUDMની જ ઓરીજીનલ વેબસાઈટ હોય તેવો ભ્રમ ઊભો થાય છે.

# વિધાનસભા ખાતે સ્વામી વિવેકાનંદની ૧૫૮મી જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલી અર્પણ કરાશે

ગાંધીનગર, તા. ૩

સ્વામી વિવેકાનંદની તા. ૧૨ જાન્યુઆરી-૨૦૨૦ રવિવારના રોજ ૧૫૮મી જન્મજયંતી નિમિતે સવારે ૦૯-૩૦ કલાકે ગુજરાત વિધાનસભા પોડિયમમાં આવેલા તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ આપવાનું વિધાનસભા અધ્યક્ષશ્રી દ્વારા નક્કી કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સ્વામી વિવેકાનંદના તૈલચિત્રને પુષ્પ અર્પણ કરવા જાહેર જનતાને ઉપસ્થિત રહેવા વિધાનસભા સચિવશ્રી, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# દહેગામ પાસેથી તમંચા સાથે શખ્સ ઝડપાયો

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લામાં બનતા ક્રાઈમ સંબંધિત ગુનાઓ શોધી કાઢવા અને તેને અટકાવવા માટે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સુચનાને પગલે એસઓજી પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.બી.રમલાવત તેમજ સ્ટાફના જવાનો દહેગામ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાથે રહેલા અ.પો.કો. વિજયકુમાર અમૃતભાઈને બાતમી મળી હતી કે અમરાજીના મુવાડા ગામના બસ સ્ટેન્ડ પાસેથી રહીમ ઉર્ફે ભુરો મહંમદહુસેન ખોખર (ઉં.વ.૨૨ રહે. પેથાપુર સંજરી એવન્યુ પાછળ છાપરામાં તા.જી.ગાંધીનગર, મુળ રહે. ગામ બુકરી તા.જી.પાટણ) પાસેથી ગેરકાયદેસર પાસ પરમીટ વિનાનો દેશી હાથ બનાવટનો દેશી તમંચો નંગ-૧ કિ.રૂ. ૨૫૦૦ મળી આવ્યો હતો. પોલીસે આ શખ્સ સામે કાયેદસરનો ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

**ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં. ૭ સને ૨૦૧૯-૨૦**
**માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)**
**ગુજરાત સરકાર**
**(ફક્ત હંગામી વિજળીકરણના કામના ઠેકેદારો માટે)**

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી નીચે દર્શાવેલ કામ માટે ભાવપત્રકા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૨, પાટનગર યોજના ભવન, બી-બ્લોક, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૫૧૬ દ્વારા વિજળીકરણને લગતા ૦૧ (એક) કામની અંદાજીત કિંમત રૂ. ૨,૧૪,૮૯૬.૪૪ છે. જેના ઓનલાઈન ભાવો વિદ્યુત ઠેકેદારો પાસેથી મંગાવવામાં આવે છે.

ટેન્ડર દસ્તાવેજોનો વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૪/૧/૨૦૨૦થી જોવા મળશે. તા. ૧૩/૧/૨૦૨૦ના ૧૬.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. વધારાની માહિતી અને ઓનલાઈન ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી.

માહિતી/૧૯૬૪/૧૯-૨૦